**અગ્રતા ક્રમાંક: ૧૪**

**પ્રશ્ન ક્રમાંક::૧૫/૦૪/૧૭૦૩ માન. ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ)**

**પુરક પ્રશ્નો**

**૧.** કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત લાભાર્થીને આપવાના થતા બિયારણ અને ખાતરની કીટની પસંદગી કોના દ્વારા કરવામાં આવે છે ? તથા લાભાર્થીઓને કિટનું વિતરણ કરવા માટે કેવા પ્રકારની વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે? (શ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ))

**૨.** યોજનાનો લાભ લેવા અરજદારે ક્યા ક્યા પ્રકારના આધાર પુરાવા આપવાના થાય છે? અને યોજનાનો અમલ ક્યા સમયગાળામાં કરવામાં આવે છે ? તથા ખાતર– બિયારણનું વિતરણ ક્યા માસમાં શરૂ કરવામાં આવે છે? (શ્રી મહેન્દ્રભાઇ ભાભોર (ગરબાડા))

**૩.** વર્ષ ૨૦૨૩–૨૦૨૪માં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ બિયારણ બદલવા પાછળના કારણો શું છે? (શ્રી જયંતિભાઇ રાઠવા (જેતપુર પાવી))

**૪.** કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં જીલ્લાવાર મળેલ અરજી સામે લાભાર્થીઓની વિગત શી છે? (શ્રી ફતેસિંહ ચૌહાણ (કાલોલ))

**૫.** કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થી પાસેથી લાભાર્થી ફાળો લેવામાં આવે છે કે કેમ ? અને જો હા, તો કેટલો? તથા યોજનાના પ્રચાર–પ્રસાર માટે શુ પગલા લેવામાં આવે છે? (શ્રી અરવિંદભાઇ પટેલ (ધરમપુર))

| અન્ય પુરક પ્રશ્નો | |
|---|---|
| ૧. | કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત દાહોદ જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર મળેલ અરજી અને લાભ આપેલ લાભાર્થીની વિગતો શી છે? |
| ૨. | કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત દાહોદ જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકા મુજબ પાકવાર લાભાર્થીની વિગતો શી છે? |
| ૩. | કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત દાહોદ જીલ્લામાં છેલ્લા પાચ વર્ષમાં લક્ષ્યાંક સામેની સિદ્ધી, મળેલ અરજીઓ, મંજુર અરજીઓ તથા લાભ લીધેલ ન હોય તે લાભાર્થીની વિગતો શી છે? |
| ૪. | કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળેલ છે? |
| ૫. | વર્ષ ૨૦૨૩–૨૦૨૪માં કૃષિ વૈવિધ્યકરણ યોજનામાં કેટલો યુનિટ કોસ્ટ નિયત થયેલ છે? |
| ૬. | કૃષિ વૈવિધ્યકરણ યોજના શરૂ થયેથી આજ દીન સુધીની વર્ષવાર થયેલ ખર્ચ અને મેળવેલ સિદ્ધીની વિગત શી છે? |

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ)**

**પ્રશ્ન : ૧ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત લાભાર્થીને આપવાના થતા બિયારણ અને ખાતરની કીટની પસંદગી કોના દ્વારા કરવામાં આવે છે ? તથા લાભાર્થીઓને કિટનું વિતરણ કરવા માટે કેવા પ્રકારની વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે?**

**જવાબ:**

- કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત આદિજાતિ લાભાર્થીઓને આપવાના થતા બિયારણ અને ખાતરની પસંદગી ડી–સેગની ગવર્નિંગ બોર્ડી દ્વારા કરવામાં આવે છે.
- લાભાર્થીઓને બિયારણ અને ખાતરના કિટની વિતરણ વ્યવસ્થા માટે ૧૪ આદિજાતિ જીલ્લાના ૫૩ તાલુકા અને ગ્રામ્ય સ્તરે અમલીકરણ એજન્સી જી.એસ.એફ.સી. એગ્રોટેલ લી. દ્વારા ૧૩૦ થી વધુ ડેપોની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- આ ડેપો પરથી લાભાર્થીઓને કિટનું વિતરણ કરવામાં આવે છે તથા લાભાર્થીઓને વિતરણના સમય, તારીખ તેમજ સ્થળની વિગત એસ.એમ.એસ.થી તથા ટેલીફોનથી જણાવવામાં આવે છે.

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઇ ભાભોર (ગરબાડા)**

પ્રશ્ન :૨ **યોજનાનો લાભ લેવા અરજદારે ક્યા ક્યા પ્રકારના આધાર પુરાવા આપવાના થાય છે? અને યોજનાનો અમલ ક્યા સમયગાળામાં કરવામાં આવે છે ? તથા ખાતર– બિયારણનું વિતરણ ક્યા માસમાં શરૂ કરવામાં આવે છે?**

જવાબ:

- કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો લાભ લેવા માટે અરજદારે ૭/૧૨, ૮– અ નો દાખલો, રાશનકાર્ડ, બીપીએલ કાર્ડ, જાતિ પ્રમાણપત્ર, અને જો ખેડુત લાભાર્થી એફ.આર.એ.ના લાભાર્થીમાં હોય તો વન અધિકાર પત્રનો આધાર પુરાવા તરીકે જરૂરી છે.
- આ યોજનાનો અમલ **એપ્રિલ માસથી લઈને જુલાઈ માસ** સુધી કરવામાં આવે છે.
- કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખાતર અને બિયારણનું વિતરણ **મે – માસ**માં શરૂ કરવામાં આવે છે.

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી જયંતિભાઇ રાઠવા (જેતપુર પાવી)**

**પ્રશ્ન : ૩ વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ બિયારણ બદલવા પાછળના કારણો શું છે?**

જવાબ:

- માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ને **"ઈન્ટરનેશનલ મિલેટ્સ યર"** તરીકે જાહેર કરવામાં આવેલ છે.
- વધુમાં આ યોજના હેઠળ શરૂઆતથી શાકભાજી અને મકાઈના બિયારણ આપવામાં આવતા હતા, જેથી વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત ખેડુતોની પ્રાથમિક્તા ધ્યાનમાં રાખીને બિયારણ બદલાવવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે પસંદ કરેલા પાકના બજારભાવ અને પોષણક્ષમતાને પણ ધ્યાને લેવામાં આવેલ છે.

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી ફતેસિંહ ચૌહાણ (કાલોલ)**

**પ્રશ્ન : ૪ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં જીલ્લાવાર મળેલ અરજી સામે લાભાર્થીઓની વિગત શી છે?**

જવાબ: **કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં જીલ્લાવાર મળેલ અરજી સામે લાભાર્થીઓની વિગત નીચે મુજબ છે:**

| કૃષિ વૈવિધ્યકરણ યોજના વર્ષ ૨૦૨૨-૨૦૨૩ અંતર્ગત થયેલ પ્રગતિ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જીલ્લા | ભૌતિક લક્ષ્યાંક | કુલ મળેલ અરજી | મંજુર થયેલ અરજી | કિટ વિતરણ થયેલ લાભાર્થીની સંખ્યા |
| ૧ | અરવલ્લી | ૪,૦૩૩ | ૩,૯૨૫ | ૩,૮૦૪ | ૩,૮૦૩ |
| ૨ | બનાસકાંઠા | ૫,૩૫૭ | ૩,૨૫૦ | ૩,૨૫૦ | ૩,૨૦૨ |
| ૩ | ભરુચ | ૫,૯૦૦ | ૧,૯૨૩ | ૧,૯૨૩ | ૧,૯૨૨ |
| ૪ | છોટાઉદેપુર | ૧૬,૧૫૬ | ૧૬,૮૭૮ | ૧૬,૨૬૧ | ૧૬,૦૧૮ |
| ૫ | દાહોદ | ૨૯,૮૦૭ | ૩૫,૦૦૯ | ૩૪,૯૬૯ | ૩૪,૮૩૩ |
| ૬ | ડાંગ | ૨,૪૯૩ | ૨,૪૯૬ | ૨,૪૯૩ | ૨,૪૦૧ |
| ૭ | મહિસાગર | ૬,૬૦૩ | ૯,૮૪૬ | ૬,૬૩૩ | ૬,૬૦૩ |
| ૮ | નર્મદા | ૬,૧૦૨ | ૬,૫૮૯ | ૬,૧૦૨ | ૬,૧૦૨ |
| ૯ | નવસારી | ૭,૫૦૦ | ૪,૮૫૮ | ૪,૮૫૮ | ૪,૮૦૨ |
| ૧૦ | પંચમહાલ | ૭,૦૬૦ | ૬,૨૬૯ | ૫,૭૦૨ | ૫,૬૫૬ |
| ૧૧ | સાબરકાંઠા | ૬,૧૮૯ | ૪,૭૬૭ | ૪,૭૦૨ | ૪,૬૯૮ |
| ૧૨ | સુરત | ૮,૬૮૦ | ૪,૪૮૦ | ૪,૪૮૦ | ૪,૨૧૦ |
| ૧૩ | તાપી | ૮,૨૦૧ | ૬,૦૧૫ | ૬,૦૧૫ | ૫,૯૦૭ |
| ૧૪ | વલસાડ | ૯,૬૨૫ | ૫,૬૪૯ | ૫,૬૪૭ | ૫,૪૭૩ |
| કુલ અરજી | | ૧,૨૩,૭૦૬ | ૧,૧૧,૯૫૪ | ૧૦૬૮૩૯ | ૧,૦૫,૬૩૦ |

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી અરવિંદભાઇ પટેલ (ધરમપુર)**

**પ્રશ્ન : ૫ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થી પાસેથી લાભાર્થી ફાળો લેવામાં આવે છે કે કેમ ? અને જો હા, તો કેટલો? તથા યોજનાના પ્રચાર–પ્રસાર માટે શુ પગલા લેવામાં આવે છે?**

જવાબ:

- કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત ૧ એકર માટે લાભાર્થી દીઠ રૂ.૫૦૦/– લાભાર્થી ફાળો તથા ૦.૫ એકર માટે રૂ.૨૫૦/– લાભાર્થી ફાળો લેવામાં આવે છે.
- આ યોજના હેઠળ પ્રચાર–પ્રસાર માટે રાજ્યકક્ષાએથી ૨ પ્રસિદ્ધ વર્તમાન પત્રોમાં જાહેરાત આપવામાં આવે છે.

Back To Index

## અન્ય પુરક પ્રશ્નો

**પ્રશ્ન– કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત દાહોદ જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર મળેલ અરજી અને લાભ આપેલ લાભાર્થીની વિગતો શી છે?**

જવાબ: **કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત દાહોદ જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર મળેલ અરજી અને લાભ આપેલ લાભાર્થીની વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૩–૨૪ | | વર્ષ ૨૦૨૨–૨૩ | | વર્ષ ૨૦૨૧–૨૨ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજી | લાભ આપેલ લાભાર્થીની સંખ્યા | મળેલ અરજી | લાભ આપેલ લાભાર્થીની સંખ્યા | મળેલ અરજી | લાભ આપેલ લાભાર્થીની સંખ્યા |
| ૧ | દાહોદ | ૮,૯૮૬ | ૫,૮૭૧ | ૮,૭૪૨ | ૮,૭૪૦ | ૭,૦૧૫ | ૭,૦૦૦ |
| ૨ | ગરબાડા | ૨,૬૧૭ | ૧,૬૮૪ | ૨,૮૯૦ | ૨,૮૭૬ | ૩,૩૧૪ | ૩,૩૦૦ |
| ૩ | લીમખેડા | ૧,૧૩૭ | ૭૫૨ | ૧,૧૯૫ | ૧,૧૮૮ | ૧,૩૯૦ | ૧,૩૭૮ |
| ૪ | સીંગવડ | ૧,૯૪૭ | ૧,૩૦૫ | ૨,૨૧૩ | ૨,૧૨૩ | ૧,૪૮૦ | ૧,૪૨૨ |
| ૫ | ધાનપુર | ૧,૪૮૮ | ૯૬૬ | ૧,૭૮૫ | ૧,૭૪૬ | ૨,૦૧૩ | ૨,૦૦૦ |
| ૬ | દેવગઢ બારીયા | ૬૮૨ | ૩૫૭ | ૯૮૨ | ૯૦૫ | ૧,૦૦૩ | ૧,૦૦૦ |
| ૭ | ઝાલોદ | ૮,૩૦૬ | ૫,૧૧૭ | ૮,૩૨૩ | ૮,૨૩૩ | ૪૦,૪૫૦ | ૧૦,૪૦૦ |
| ૮ | ફતેપુરા | ૭,૬૦૯ | ૪,૮૮૦ | ૬,૯૧૨ | ૬,૮૯૯ | ૬,૫૯૫ | ૬,૫૦૦ |
| ૯ | સંજેલી | ૧,૯૦૦ | ૧,૨૪૦ | ૨,૨૧૩ | ૨,૧૨૩ | ૨,૦૮૫ | ૨,૦૦૦ |
| **કુલ** | | **૩૪,૬૭૨** | **૨૨,૧૭૨** | **૩૫,૨૫૫** | **૩૪,૮૩૩** | **૬૫,૩૪૫** | **૩૫,૦૦૦** |

Back To Index

**પ્રશ્ન– કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત દાહોદ જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકા મુજબ પાકવાર લાભાર્થીની વિગતો શી છે?**

**જવાબ: કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત દાહોદ જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકા મુજબ પાકવાર લાભાર્થીની વિગતો નીચે મુજબ છે**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૩–૨૪ | | વર્ષ ૨૦૨૨–૨૩ | વર્ષ ૨૦૨૧–૨૨ |
|---|---|---|---|---|---|
| | | તુવેર | સોયાબીનનું બિયારણ આપેલ લાભાર્થી | મકાઈનું બિયારણ આપેલ લાભાર્થી | મકાઈનું બિયારણ આપેલ લાભાર્થી |
| ૧ | દાહોદ | ૧૬૮ | ૫,૭૦૩ | ૮,૭૪૦ | ૭,૦૦૦ |
| ૨ | ગરબાડા | ૧૨૩ | ૧,૫૬૧ | ૨,૮૭૬ | 3,300 |
| ૩ | લીમખેડા | ૩૦૯ | ૪૪૩ | ૧,૧૮૮ | ૧,૩૭૮ |
| ૪ | સીંગવડ | ૩૨૩ | ૯૮૨ | ૨,૧૨૩ | ૧,૪૨૨ |
| ૫ | ધાનપુર | ૨૦૦ | ૭૬૬ | ૧,૭૪૬ | ૨,૦૦૦ |
| ૬ | દેવગઢ બારીયા | ૧૬૮ | ૧૮૯ | ૯૦૫ | ૧,૦૦૦ |
| ૭ | ઝાલોદ | ૩૯૩ | ૪,૭૨૪ | ૮,૨૩૩ | ૧૦,૪૦૦ |
| ૮ | ફતેપુરા | ૪૭૮ | ૪,૪૦૨ | ૬,૮૯૯ | ૬,૫૦૦ |
| ૯ | સંજેલી | ૧૫૯ | ૧,૦૮૧ | ૨,૧૨૩ | ૨,૦૦૦ |
| કુલ | | **૨,૩૨૧** | **૧૯,૮૫૧** | **૩૪,૮૩૩** | **૩૫,૦૦૦** |

Back To Index

**પ્રશ્ન–** **કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત દાહોદ જીલ્લામાં છેલ્લા પાચ વર્ષમાં લક્ષ્યાંક સામેની સિદ્ધી, મળેલ અરજીઓ, મંજુર અરજીઓ તથા લાભ લીધેલ ન હોય તે લાભાર્થીની વિગતો શી છે?**

**જવાબ:** કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત દાહોદ જીલ્લામાં છેલ્લા પાચ વર્ષમાં લક્ષ્યાંક સામેની સિદ્ધી, મળેલ અરજીઓ, મંજુર અરજીઓ તથા લાભ લીધેલ ન હોય તે લાભાર્થીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | લક્ષ્યાંક | સિદ્ધીઓ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | લાભ લીધેલ ન હોય તેવા લાભાર્થીઓ |
|---|---|---|---|---|---|---|
| **૧** | **૨૦૨૩–૨૪** | ૨૨,૧૫૮ | ૨૨,૧૭૨ | ૩૪,૬૭૨ | ૨૨,૧૭૨ | ૦ |
| **૨** | **૨૦૨૨–૨૩** | ૩૪,૯૬૯ | ૩૪,૮૩૩ | ૩૫,૨૫૫ | ૩૪,૮૩૩ | ૦ |
| **૩** | **૨૦૨૧–૨૨** | ૩૫,૦૦૦ | ૩૫,૦૦૦ | ૩૫,૩૪૫ | ૩૫,૦૦૦ | ૦ |
| **૪** | **૨૦૨૦–૨૧** | ૧૯,૫૦૦ | ૧૯,૫૦૦ | ૨૪,૩૦૦ | ૧૯,૫૦૦ | ૦ |
| **૫** | **૨૦૧૯–૨૦** | ૧૫,૧૮૫ | ૧૫,૧૮૫ | ૨૧,૩૪૦ | ૧૫,૧૮૫ | ૦ |
| **કુલ** | | **૧,૨૬,૮૧૨** | **૧,૨૬,૬૯૦** | **૧,૫૦,૯૧૨** | **૧,૨૬,૬૯૦** | **૦** |

Back To Index

**પ્રશ્ન– કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળેલ છે?**

**જવાબ: કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર અને ભારત સરકાર તરફથી નીચે મુજબની ગ્રાંટ મળેલ છે.**

| ક્રમ | વર્ષ | રાજ્ય સરકાર દ્વારા ફાળવેલ ગ્રાન્ટ (રૂ.કરોડમાં) | કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ ગ્રાન્ટ (રૂ.કરોડમાં) | કુલ ગ્રાન્ટ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૮–૨૦૧૯ | રૂ.૫ કરોડ | રૂ.૨૫ કરોડ | રૂ.૩૦ કરોડ |
| ૨ | ૨૦૧૯–૨૦૨૦ | રૂ.૧૫.૬૧ કરોડ | રૂ.૧૭.૯૫ કરોડ | રૂ.૩૩.૫૬ કરોડ |
| ૩ | ૨૦૨૦–૨૦૨૧ | રૂ.૧૫.૬૦ કરોડ | રૂ.૧૨.૬૧ કરોડ | રૂ.૨૮.૨૧ કરોડ |
| ૪ | ૨૦૨૧–૨૦૨૨ | રૂ.૧૫.૬૧ કરોડ | શુન્ય | રૂ.૧૫.૬૧ કરોડ |
| ૫ | ૨૦૨૨–૨૦૨૩ | રૂ.૩૦ કરોડ | રૂ.૪.૦૦ કરોડ | રૂ.૩૪ કરોડ |
| કુલ | | રૂ.૮૧.૮૨ કરોડ | રૂ. ૫૯.૫૬ કરોડ | રૂ. ૧૪૧.૩૮ કરોડ |

**કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રૂ.૮૧.૮૨ કરોડ અને કેન્દ્ર દ્વારા રૂ.૫૯.૫૬ કરોડ એમ કુલ રૂ.૧૪૧.૩૮ કરોડની ગ્રાન્ટ મળેલ છે.**

Back To Index

**પ્રશ્ન– વર્ષ ૨૦૨૩–૨૦૨૪માં કૃષિ વૈવિધ્યકરણ યોજનામાં કેટલો યુનિટ કોસ્ટ નિયત થયેલ છે?**

**જવાબ: વર્ષ ૨૦૨૩–૨૦૨૪માં કૃષિ વૈવિધ્યકરણ યોજનામાં નીચે મુજબનો યુનિટ કોસ્ટ નિયત થયેલ છે.**

| ક્રમ નં | બિયારણનું નામ | બિયારણનો જથ્થો | ખાતર (નામ અને જથ્થો) | | | કિટની કિંમત |
|---|---|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૦ કિ.ગ્રા. | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિ.ગ્રા. | પ્રોમ ૫૦ કિ.ગ્રા. | ૫,૩૦૦/- |
| ૨ | સોયાબીન | ૨૫ કિ.ગ્રા. | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિ.ગ્રા. | પ્રોમ ૫૦ કિ.ગ્રા. | ૫,૨૦૦/- |
| ૩ | તુવેર | ૩ કિ.ગ્રા. | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિ.ગ્રા. | પ્રોમ ૫૦ કિ.ગ્રા. | ૪,૩૨૦/- |
| ૪ | ડાંગર | ૬ કિ.ગ્રા. | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિ.ગ્રા. | પ્રોમ ૫૦ કિ.ગ્રા. | ૪,૪૮૩/- |
| | રીંગણ | ૦.૦૨ કિ.ગ્રા. | | | | |
| ૫ | જુવાર | ૪ કિ.ગ્રા. | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિ.ગ્રા. | પ્રોમ ૫૦ કિ.ગ્રા. | ૩,૧૦૦/- |
| ૬ | ભિંડા | ૨ કિ.ગ્રા. | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિ.ગ્રા. | પ્રોમ ૫૦ કિ.ગ્રા. | ૪,૮૭૬/- |
| ૭ | અડદ | ૪ કિ.ગ્રા. | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિ.ગ્રા. | પ્રોમ ૫૦ કિ.ગ્રા. | ૨,૭૦૦/- |
| ૮ | નાગલી | ૨ કિ.ગ્રા. | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિ.ગ્રા. | પ્રોમ ૫૦ કિ.ગ્રા. | ૨,૪૮૦/- |
| ૯ | બાજરા | ૧.૫ કિ.ગ્રા. | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિ.ગ્રા. | પ્રોમ ૫૦ કિ.ગ્રા. | ૨,૭૭૦/- |

(ડી.એ.પી.- ડાય એમોનિયમ ફોસ્ફેટ, પ્રોમ –ફોસ્ફેટ રીચ ઓર્ગેનિક મેન્યુર)

Back To Index

**પ્રશ્ન– કૃષિ વૈવિધ્યકરણ યોજના શરૂ થયેથી આજ દીન સુધીની વર્ષવાર થયેલ ખર્ચ અને મેળવેલ સિધ્ધીની વિગત શી છે?**

**જવાબ: આ યોજના શરૂ થયેથી આજ દીન સુધીની વર્ષવાર થયેલ ખર્ચ અને મેળવેલ સિધ્ધી નીચે મુજબ છે.**

| વર્ષવાર સિદ્ધી અને ખર્ચ | | | | |
|---|---|---|---|---|
| વર્ષ | ગ્રાન્ટ (રૂ. કરોડમાં) | ખર્ચ (રૂ. કરોડમાં) | લાભાર્થી લક્ષ્યાંક | લાભાર્થી સિદ્ધી |
| ૨૦૧૨–૧૩ | ૨૯.૭૯ | ૨૯.૭૯ | ૨,૧૦,૦૦૦ | ૨,૧૦,૦૦૦ |
| ૨૦૧૩–૧૪ | ૨૨.૯૧ | ૨૨.૯૧ | ૨,૨૩,૦૦૦ | ૨,૨૩,૦૦૦ |
| ૨૦૧૪–૧૫ | ૩૪.૨૯ | ૩૪.૨૯ | ૧,૩૬,૪૮૭ | ૧,૩૬,૪૮૭ |
| ૨૦૧૫–૧૬ | ૩૪.૦૦ | ૩૪.૦૦ | ૧,૦૫,૩૭૦ | ૧,૦૫,૩૭૦ |
| ૨૦૧૬–૧૭ | ૨૯.૯૨ | ૨૯.૯૨ | ૮૫,૬૯૪ | ૮૫,૬૯૪ |
| ૨૦૧૭–૧૮ | ૧૦.૭૮ | ૧૦.૭૮ | ૩૬,૬૦૪ | ૩૬,૬૦૪ |
| ૨૦૧૮–૧૯ | ૩૦.૦૦ | ૩૦.૦૦ | ૯૧,૦૯૫ | ૯૧,૦૯૫ |
| ૨૦૧૯–૨૦ | ૨૮.૨૨ | ૨૮.૨૨ | ૭૦,૫૭૩ | ૭૦,૫૭૩ |
| ૨૦૨૦–૨૧ | ૩૩.૫૬ | ૩૩.૫૬ | ૭૬,૭૦૦ | ૭૬,૭૦૦ |
| ૨૦૨૧–૨૨ | ૨૫.૭૪ | ૩૦.૦૦ | ૧,૨૬,૭૦૦ | ૧,૧૯,૧૫૩ |
| ૨૦૨૨–૨૩ | ૩૪.૦૦ | ૩૩.૨૬ | ૧,૨૩,૭૦૬ | ૧,૦૫,૬૧૩ |
| ૨૦૨૩–૨૪ | ૩૦.૦૦ | ૩૦.૦૦ | ૭૪,૧૭૪ | ૭૧,૪૯૫ |
| કુલ | ૩૪૩.૨૦ | ૩૪૬.૭૨ | ૧૩,૬૦,૧૦૩ | ૧૩,૩૧,૭૮૪ |

** **નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન રૂ.૦૪.૨૬ કરોડ રકમ લાભાર્થી ફાળામાંથી ખર્ચ કરવામાં આવેલ હોય સબબ ગ્રાન્ટ કરતા ખર્ચ વધુ થવા પામેલ છે.**

Back To Index